# કારે ખૈર અને એહસાન

અલ્લાહતઆલાએ આ આલમ-દુનિયામાં ખૈર સિવાય કોઈ બીજી ચીઝ પૈદા કીધી ન્હોતી. એ તો ઈન્સાને હસદ અને તકબ્બુરીના સબબ ખૈરને મૂકું અને શર તેમજ બુરાઈના રસ્તા પર ગામઝન થયો. અદલે ઈલાહીમાં હર ખૈરની જઝા અને અજર છે. રાઈના દાના બરાબર પણ કોઈ ખૈર કરે અને તેને ઉંચા પહાડનાં ઝખીમ-ભારી પત્થર નીચે છુપાવી દે તો પણ અલ્લાહતઆલા યૌમે કયામત તેને બહાર લાવી તેનો બદલો આપશે, કેમ કે અલ્લાહતઆલા એહસાન કરનારાઓના અજરને ઝાયેઅ કરતો નથી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"હર નૈક અને ભલાઇનો અમલ સદકો અને ખૈરાત છે."** ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, અલ્લાહની ખલ્કત એના બચ્ચાંઓ જેમ છે, અને અલ્લાહને નઝદીક તમામથી મેહબૂબ અને પસંદીદહ તે શખ્સ છે કે, જે એના બચ્ચાઓ-અયાલને નફઅ અને ફાયદો પહોંચાવે અને એના ઘરના લોગોના દિલોમાં મસર્રત અને ખુશી દાખિલ કરે અને પોતાના મુમિન ભાઈ સાથે એની હાજત રવાઈ વાસ્તે જાય તો તે અલ્લાહતઆલાને નઝદીક મસ્જિદે હરામમાં બે મહીના તક એઅતેકાફ બેસવા કરતા ઝિયાદહ હામિલે સવાબ છે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, "ખૈરના લોગો, એહસાન અને નૈકી કરવાની તરફ તે લોગો કરતા ઝિયાદહ હક્કદાર અને ઝરૂરતમંદ છે કે જેઓ પોતાની ઉપર કોઈ એહસાન અને ખૈર કરે એમ દિલમાં ઉમ્મીદ રાખે છે. કેમકે તેઓ એમ ખયાલ રાખે છે કે નૈકી અને એહસાનની વજહથી જ તેઓને શોહરત અને નામવારી મીલે છે. પણ હકીકત આ છે કે જે શખ્સ નૈકી-એહસાન કરે છે તે ખુદના નફસની બેહતરી વાસ્તે જ કરે છે અને તેં એના નફસને વાસ્તે જે કારે ખૈર કીધું છે એની શુક્રગુઝારી તે બીજાઓથી તલબ ન કરે, બલ્કે **જેના ઉપર એહસાન થયું એ શખ્સ પર એહસાન કરનારની શુક્રગુઝારી વાજિબ છે.** જેને પર નેઅમતની બારિશ થઈ ચુકી હોય અને અગર તે શુક્રગુઝાર નહીં થાય તો તે નેઅમતનો કુફ્ર કહેવાશે.

અવામના ઝહેનમાં એહસાન અને કારે ખૈર વાસ્તે એમ ખયાલ બંધાઈ ગયો છે કે, "નૈકી કર ઔર દરિયા મેં ડાલ." પણ આ કમ ફહેમી-ગલત સોચ છે. કોઈ પર એહસાન કરીને તેને યાદ રાખવું યા યાદ અપાવવું કોઈ બદ અખ્લાકી નથી. પણ જેને પર એહસાન થાય એ પોતાના મોહસિનની એહસાન ફરામોશી કરે એ બદ અખ્લાકી છે. મૌલાના અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) એ આપની શહાદત પહેલા મલઊન અબ્દુર્રહમાન ઈબ્ને મુલ્જિમને આપના એહસાનાત યાદ અપાવા હતા. આપે એ મરદૂદ જહન્નમીને કૈદખાનામાંથી છોડાવેલો, આપની ખિદમતનો શરફ બખ્શેલો અને ત્રણ મરતબા તેની બયઅત લીધેલી. બીજું એ કે, અન્સાર અને મોહાજેરીન ને દરમિયાનની જંગના ગનીમતનાં માલની તકસીમના મુઆમેલામાં રસ્સાકશી-ખેંચતાન થઈ તે વકત રસૂલુલ્લાહે (સ.અ.વ.વ.) દીને ઈસ્લામ અને હિદાયત જે આપને ઝરીએ અલ્લાહતઆલાએ બખ્શી હતી તે એહસાનાતને અન્સારને યાદ કરાવા હતા.

અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હદીસે શરીફ પઢીને લોગોને સંભલાવે છે કે, જે શખ્સને સાથે એહસાન કરવામાં આવેલું હોય એને પર વાજિબ છે કે, તે એનો બદલો ચૂકવે અને અગર બદલો ચૂકવવા વાસ્તે લાચાર, આજિઝ અને માઅઝૂર હોય તો એના મોહસિનની તાઅરીફ કરી લોગોમાં એની હોંસલા અફઝાઈ કરે અને જો તેં આમ પણ ન કીધું તો તેને ઝરૂર નેઅમતોનો કુફ્ર કીધો. અહલે બૈત (અ.સ.) ફરમાવે છે કે, નૈક અખ્લાક મુસલમાન તે છે કે, **જે પોતાના ભાઇઓ સાથે કત્એ તઅલ્લુક નથી કરતા યા રિશ્તો નથી તોડતા પણ એકબીજાને મદદ કરે છે તેમજ નફઅ પહોંચાવે છે.**

તે કારે ખૈર કે જેમાં રિયાકારી હોય, શોહરતનો હુસૂલ હોય અને બીજાઓને નીચા દેખાડવાને વાસ્તે હોય તેમાં કોઈ બરકત કે અજર નથી. જે બેહતરીના કામો અવામ વાસ્તે ખુલ્લમ ખુલ્લા થાતા હોય તેમાં પડદા પોશી કરવી બરાબર નથી. **ફી સબીલિલ્લાહ કારેખૈર કરવું, નફઅ બખ્શ અને આખેરતી ઝિંદગીને સઁવારવાની બેહતર તિજારત છે.** કૌમો મિલ્લતની ખિદમતના કારે ખૈર કરવાનો જઝબો અને હિમ્મત હર શબાબ-નવજવાન અને દુરંદેશ-સંજીદાહ મુમિનમાં હોવા જોઈએ. રમઝાનુલ મોઅઝઝમ હમને આ જ સબક આપે છે કે, મુમેનીન એકબીજામાં મોહબ્બત કાઈમ કરે અને તકલીફોમાં આપસી મદદ કરે. અગર કોઈ પોતે કઈ કરી ન શકતો હોય તો બીજાના હોંસલાને ન તોડે મગર તેને એ કામ કરવા ઉપર રગબત અપાવે. કુરઆની ઝબાનમાં વાત કરીએ તો અમલે સાલેહ સાથે ઈમાન જોડાયેલું છે. જો ઈમાનની બુનિયાદ દાઈયુલ્લાહિલ અમીન (ત.ઉ.શ.) ની ઈતાઅત પર હોય અને હર ખૈર સાથે આપની ખુશી હોય તો ગોયા કે, અલ્લાહતઆલા તે કારે ખૈરને બરકત અને મકબૂલીયતનો લિબાસ પહેરાવી દે છે.

**ફી સબીલિલ્લાહ કારેખૈર કરવું, નફઅ બખ્શ અને આખેરતી ઝિંદગીને સઁવારવાની બેહતર તિજારત છે.**

નમાઝીઓ વાસ્તે મસ્જિદને ઝીનત બખ્શવી, ઈફતારીનો ઈન્તેઝામ કરવો, નિસ્ફિલ્લૈલમાં ચ્હા કરવી, વાજેબાત અદા કીધા બાદ હાજતમંદ મુમેનીનમાં સદકાત તકસીમ કરવા, ખિદમતગુઝાર અંજુમનોને ઈમ્દાદ કરવી, કર્ઝે હસના આપવી, મુલાઝેમીન મુમેનીન પર નઝરે કરમ રાખવી, મુમેનીનની ખિદમત વાસ્તે હરચંદ કોશિશ કરવી વગૈરા આઅમાલ શહરૂલ્લાહ વાસ્તે મખ્સૂસ છે. કાફલએ અલવીના કાફલા સાલાર દાઈએ હક્કના ફરમાનને તાબેઅ થઈને હર અદના અલવી મુમિન કારે ખૈર અને એહસાન તરફ પોતાના મોંને મોડે તો બીજા તમામ કાફલાઓથી આગલ નીકલીને દુનિયાવી સફરમાં આ અલવી કાફલો તરક્કીની આઅલામાં આઅલા મંઝિલો તય કરી શકે છે. **વલ્લાહો ખૈરૂન નાસેરીન.** ★